# જામનગરમાં ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી. આર. પાટિલના બુથ પ્રમુખ સંમેલનમાં પોલીસનો સજ્જડ બંદોબસ્ત



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર શહેર જિલ્લામાં ભારતીય જનતા પાર્ટી દ્વારા જુદા જુદા કાર્યક્રમો યોજાઇ રહ્યા છે, જે કાર્યક્રમમાં ક્ષત્રિય સમાજના ભાઈઓ બહેનો દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યા છે, અને રાજકોટમાં લોકસભાની બેઠકના ભાજપના ઉમેદવાર પુરુષોત્તમભાઈ રૂપાલએ આપેલા એક નિવેદનનો સૌરાષ્ટ્ર ભરમાં વિરોધ વંટોળ જોવા મળી રહ્યો છે.

જે વિરોધની વચ્ચે આજે જામનગરના ઓસવાળ સેન્ટરમાં ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી. આર. પાટીલ નો પ્રવાસ કાર્યક્રમ યોજાયો છે. જામનગર શહેરના બૂથ લેવલ સહિતના કાર્યકર્તાઓને સંબોધન કરવા માટે જામનગરના ઓસવાળ સેન્ટરમાં એક સંમેલન રાખવામાં આવ્યું છે, અને તેમાં ભાજપના તમામ કાર્યકરો હાજર રહ્યા છે.

ત્યારે આ કાર્યક્રમમાં ક્ષત્રિય સમાજ દ્વારા કોઈ વિરોધ પ્રદર્શન કરવામાં ન આવે, તેની પોલીસ તંત્ર દ્વારા પૂરી તકેદારી રાખવામાં આવી છે, અને સમગ્ર ઓસવાળ સેન્ટર પોલીસ છાવણીમાં ફેરવાઈ ગયું છે. ખુદ જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુ કાર્યક્રમના સ્થળે હાજર રહ્યા છે, અને તેઓની રાહબરી હેઠળ વિશાળ પોલીસ કાફલા દ્વારા સમગ્ર કાર્યક્રમ પર બાજ નજર રાખવામાં આવી રહી છે.

પ્રત્યેક કાર્યકર્તાઓને અંદર પ્રવેશવા માટે બારીકાઈથી ચકાસણી કરવામાં આવી રહી છે. ઓસ્વાળ સેન્ટરના તમામ પ્રવેશ દ્વાર પર પોલીસ બંદોબસ્ત ગોઠવાયો છે, તેમજ કાર્યક્રમના મુખ્ય સ્થળના પ્રવેશદ્વારમાં આવનારા પ્રત્યેક કાર્યકર્તાઓનું ચેકિંગ કરીને ત્યારબાદ જ અંદર જવા દેવામાં આવી રહ્યા છે.

જામનગરમાં આયોજિત કાર્યક્રમમાં કોઈ વિરોધ પ્રદર્શન ન થાય, અથવા કોઈ અનિચ્છનીય ઘટના ન બને, તે માટે પોલીસતંત્ર દ્વારા સંપૂર્ણપણે તકેદારી રાખવામાં આવી છે.

# જામનગર નજીક બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટ દરમિયાન હારજીત મામલે બે ટીમના ખેલાડીઓ વચ્ચે તકરાર

## વિજેતા ટીમના ત્રણ ખેલાડીઓ પર પરાજિત ટીમના ચાર ખેલાડીઓએ બેટ વડે હુમલો કર્યો : તમામની અટકાયત

જામનગર : જામનગર નજીક ખંભાળીયા બાયપાસ રોડ પર બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટ દરમિયાન બે ટીમના ખેલાડીઓ વચ્ચે હારજીતના પ્રશ્ને ડખો થયો હતો, અને પરાજીત થયેલી ટીમના ચાર ખેલાડીઓએ વિજયનો જશ્ન મનાવી રહેલા વિજેતા ટીમના ત્રણ ખેલાડીઓ ઉપર બેટ વડે હુમલો કરી દીધાની ફરિયાદ પોલીસમાં નોંધાવાઈ છે, પોલીસે ચારેય હુમલાખોર ની અટકાયત કરી લઈ હુમલામાં વપરાયેલું બેટ કબજે કર્યું છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં પટેલ કોલોની વિસ્તારમાં વૃંદાવન પાર્કમાં રહેતો હિતેશ ગોવિંદભાઈ મેઘરાજાણી નામનો વેપારી યુવાન પોતાના ભાઈ પ્રતિક મેઘરાજાણી અને પિતરાઈ ભાઈ હેરી મેઘરાજાણી તથા અન્ય ખેલાડીઓ સાથે બોક્સ ક્રિકેટ રમવા માટે ગયા હતા, અને જામનગર-ખંભાળિયા બાયપાસ રોડ પર ડગ આઉટ બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટમાં તેઓએ જામનગરના દિવ્યેશભાઈ વધવા અને પીન્ટુ પંડ્યા સહિતના ખેલાડીઓની ટીમ સાથેનો મેચ રાખ્યો હતો. જેમાં હિતેશ મેઘરાજાણીની ટીમ વિજેતા બની હતી, અને તેઓએ પોતાની જીતનો જશ્ન મનાવવાનું શરૂ કર્યું હતું.

દરમિયાન પરાજિત થયેલી ટીમના દિવ્યેશ વધવા, પીન્ટુ પંડ્યા, અને તેના અન્ય બે સાથી ખેલાડીઓએ મન દુઃખ રાખીને હંગામો મચાવ્યો હતો, અને ત્રણેય ભાઈઓ પર બેટ વડે હુમલો કરી દીધો હતો. જેથી ત્રણેય ઈજાગ્રસ્તોને જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપવી પડી હતી.

બાદમાં તેઓએ પંચકોષી બી. ડિવિઝન પોલીસ મથકમાં હુમલા અંગેની ફરિયાદ નોંધાવતાં એએસઆઈ એમએલ જાડેજાએ ચારેય હુમલાખોર આરોપીઓની અટકાયત કરી અને તેઓ પાસેથી હુમલામાં વપરાયેલું બેટ કબજે કર્યું છે.

# જામનગર-રાજકોટ માર્ગે શેખપાટ નજીક રઝળતા ખૂંટીયાએ વધુ એક માનવ જીંદગીનો ભોગ લીધી

## શેખપાટના પાટીયા પાસે બાઈકની આડે ખૂંટિયો આવી ચઢતાં ચાલક વૃદ્ધનું મૃત્યુ



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર - રાજકોટ ધોરી શેખપાટ ગામના પાટીયા નજીક ગઈકાલે રાત્રે જાહેરમાં રસ્તે રઝળતા એક ખૂંટીયાએ માનવ જિંદગીનો ભોગ લીધો છે. રસ્તામાં બાઈક ચાલકને આડે ખૂટિયો ઉતરતાં અકસ્માત થયો હતો. જેમાં ગંભીર ઈજા પામનાર બાઈક ચાલકનું મૃત્યુ થયું હતું.

જામનગર શહેર-જિલ્લામાં રસ્તે રઝળતા ઢોરનો ત્રાસ યથાવત રહ્યો છે. પરિણામે સમયાંતરે રખડતા ઢોરને કારણે વાહન અકસ્માતો થઈ રહ્યા છે. અને તેમાં મૃત્યુ પામવાના બનાવો પણ વધી રહ્યા છે. ગઈકાલે આવા જ એક બનાવમાં બાઈક ચાલક વૃદ્ધનું મૃત્યુ થયું હતું. જામનગર-રાજકોટ માર્ગે શેખપાટ ગામના પાટિયા પાસેથી દિનેશભાઈ ટંકારીયા નામના બુઝુર્ગ બાઈક લઈને પસાર થતા હતા, ત્યારે અચાનક રસ્તામાં ખૂટ્યો આડો ઉતરતાં તેમને અકસ્માત નડ્યો હતો. આ બનાવમા તેઓને ગંભીર ઈજા થવાથી સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં લઈ જવાયા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવની જાણ થતા જ પોલીસ કાફલો દોડી ગયો હતો અને બનાવ અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# જામનગરમાં આશીર્વાદ જ્વેલર્સમાં કામ કરતાં કર્મચારીએ રૂા. ૪.૩૯ લાખના સોનાની કરી ચોરી

## આરોપીની અટકાયત દરમ્યાન છ મહિનામાં કટકે કટકે ચોરી કર્યાની કબૂલાત

જામનગર : જામનગરમાં મેહુલ નગર વિસ્તારમાં આવેલા એક સોના ચાંદીના શોરૂમમાં કામ કરતા કર્મચારીએ છ મહિનાના સમયગાળા દરમિયાન માલિકની નજર ચૂકવીને અંદાજે ૪.૩૯ લાખનું સોનુ ચોરી કરી લીધું હતું. દુકાનમાં સોનું ઓછું થયું હોવાનું માલુમ પડતા કર્મચારીની ઉલટ તપાસ દરમિયાન ચોરી થઈ ગયાનો મામલો સામે આવ્યો હતો અને પોલીસ ફરિયાદ નોંધાવાતાં પોલીસે કર્મચારીની અટકાયત કરી લઈ તેણે સંતાડેલું તમામ ચોરાઉ સોનુ કબ્જે કરી લીધું છે.

આ ફરિયાદ અંગેના બનાવની વિગત એવી છે કે, જામનગરમાં મહાવીર પાર્ક સોસાયટીમાં રહેતા અને મેહુલનગર વિસ્તારમાં આશીર્વાદ જ્વેલર્સ નામનો સોના-ચાંદીના ઘરેણાનો શોરૂમ ધરાવતા ભવ્યભાઈ રસિકભાઈ પાલાએ પોતાના શો રૂમમાંથી છેલ્લા છ મહિનાના સમયગાળા દરમિયાન કટકે કટકે ૪,૩૯,૮૫૦ની કિંમતના જુદા જુદા વજનના સોનાના ઘરેણાની ચોરી થઈ ગયાની ફરિયાદ નોંધાવી છે. જે સોનુ ચોરી જવા અંગે પોતાની દુકાનમાં કામ કરતા પ્રતીક અશોકભાઈ કુબાવત સામે ફરિયાદ નોંધાવી છે.

જે ફરિયાદના અનુસંધાને સીટી સી. ડિવિઝનના પી. એસ. આઇ. એમ. વી. દવે આરોપી પ્રતિક કુબાવતની અટકાયત કરી લીધી છે અને તેણે સંતાડેલું તમામ ચોરાઉ સોનું કબજે કરી લીધુ છે. છેલ્લા છ મહિનાના સમયગાળા દરમિયાન આરોપી પ્રતિક કુબાવત સોનાની ચોરી કરી જતો હતો. વેપારીને ગણતરી દરમિયાન સોનામાં ઘટ આવતાં તેણે પ્રતિક કુબાવતની ઉલટ તપાસ કરી હતી અને તેણે સોનાના દાગીના ચોરી લીધા હોવાનું ધ્યાનમાં આવતાં પોલીસનો સંપર્ક કર્યો હતો. પોલીસ દ્વારા આરોપીની ઘનિષ્ઠ પૂછપરછ ચલાવાઈ રહી છે.

# ભાણવડ તાલુકાના મેવાસા ગામે આધેડ પર કૌટુંબિક મહિલા સહિત ત્રણનો હુમલો

ખંભાળિયા : ભાણવડ તાલુકાના મેવાસા ગામે રહેતા એક આધેડ પર જમીનમાંથી થઈને નીકળવાના પ્રશ્ને બબાલ થયા પછી કૌટુંબિક મહિલા સહિત ૩ શખ્સોએ હુમલો કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવાઈ છે.

ભાણવડ તાલુકાના મેવાસા ગામે રહેતા કરસનભાઈ રણમલભાઈ ભીંભા ગામના ૫૦ વર્ષના આહીર આધેડના ખેતરે જવા માટેનો રસ્તો આરોપી મુકેશ હમીરભાઈ ભીંભાની જમીનમાં થઈને નીકળતો હોવાથી આ બાબતે ફરિયાદી કરસનભાઈ તથા આરોપી મુકેશભાઈ વચ્ચે ઘણા સમયથી મન દુઃખ ચાલ્યું આવતું હતું. જે વચ્ચે ફરિયાદી કરસનભાઈનો પુત્ર તેમનું મોટરસાયકલ લઈ અને અહીંથી નીકળતા આરોપી કિશન હમીરભાઈ ભીંભા તથા ગીતાબેન કિશોરભાઈ ભીંભાએ તેમની સાથે ઝઘડો કર્યો હતો. આ અંગે ભાણવડ પોલીસને જાણ કરવા નીકળેલા કરસનભાઈ રણમલભાઈને ચાલુ મોટરસાયકલે આરોપી મુકેશએ લાકડાનો ધોકો ફટકારી અને અન્ય આરોપી કિશોરભાઈ તથા ગીતાબેને બેફામ માર મારી લોહી લુહાણ કરી મુક્યા હતા. આટલું જ નહીં, આરોપીઓએ ફરિયાદી કરસનભાઈના ગુપ્ત ભાગે પાટુ મારીને મૂઢ ઈજાઓ કર્યાની તથા બિભત્સ ગાળો કાઢી, જો તેઓ હવે આ રસ્તે ચાલ્યા તો જાનથી મારી નાખવાની ધમકી પણ ઉચ્ચારી હોવાનું પોલીસ ફરિયાદમાં જાહેર થયું છે. આ સમગ્ર પ્રકરણ અંગે ભાણવડ પોલીસે દંપતિ સહિત તમામ ત્રણ આરોપીઓ સામે આઈ.પી.સી. કલમ ૩૨૪, ૩૨૩, ૫૦૪, ૫૦૬ (૨), ૧૧૪ તથા જી.પી. એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી, આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# દ્વારકાધીશ જગતમંદિરમાં ઠાકોરજીને અન્નકૂટ મનોરથ યોજાયા



તસવીર: રાકેશ સામાણી

દ્વારકા : આજરોજ દ્વારકાધીશ જગતમંદિરમાં ઠાકોરજીને અન્નકૂટ મનોરથ યોજવામાં આવ્યા હતા. સવારે ઠાકોરજીના શૃંગાર દર્શન - આરતી સમયે દ્વારકાધીશના પરમભકત પરિવાર દ્વારા વારાદાર પુજારી પરિવારના સહયોગથી ઠાકોરજીને ગુરૂવારના કેસરીયા વાઘા તેમજ રત્નાલંકાર તથા દેદિપ્યમાન શૃંગાર સાથે અન્નકૂટ મનોરથ દર્શન યોજાયા હતા. ઠાકોરજીના દિવ્ય દર્શનનો હજારો ઉપસ્થિત ભાવિકોએ તેમજ ઓનલાઈનના વિવિધ માધ્યમોથી પણ લાખો કૃષ્ણભકતો આ દિવ્ય દર્શન નિહાળી ભાવવિભોર બન્યા હતા.

# જામનગરમાં મકાન વેચવા બાબતે માતા, બહેન અને ભાઈ-ભાભી પર હુમલો

## દંપતિ સહિત ૪ શખ્સો સામે હુમલો કર્યાની પોલીસમાં ફરિયાદ

જામનગર : જામનગર નજીકના દરેડ વિસ્તારમાં રહેતા કોળી પરિવાર વચ્ચે મકાનમાંથી સામાન કાઢવાના પ્રશ્ને ડખો થયો હતો, અને એક દંપત્તી સહિતના ચાર શખ્સોએ પોતાના જ માતા ભાઈ ભાભી અને બહેન સહિત ચાર વ્યક્તિ પર હુમલો કરી દીધા ની ફરિયાદ પોલીસમાં નોંધાવાતાં ચકચાર જાગી છે. ઈજાગ્રસ્તોને જીજી હોસ્પિટલમાં સારવાર લેવી પડી છે.

આ હુમલાના બનાવની વિગત એવી છે કે જામનગરમાં નજીક ગોકુલધામ સોસાયટીમાં રહેતી જ્યોત્સનાબેન જગદીશભાઈ લીંબડ નામની ૩૮ વર્ષની મહિલાએ પોતાના ઉપર તેમજ પોતાના પતિ જગદીશભાઈ ઉપરાંત પોતાના સાસુ અને નણંદ સહિત ચાર વ્યક્તિ પર લોખંડના પાઈપ, કપડાં ધોવાના ધોકા વગેરે વડે હુમલો કરી દઈ ઈજા પહોંચાડવા અંગે પોતાના દિયર ડોલર મંગાભાઈ તેની પત્ની ક્રિષ્નાબેન તેમજ ક્રિષ્નાબેનના પરિવારના જ્યોતનાબેન ખોડુભાઈ રાંધલપરા અને યોગેશ ખોડુભાઈ રાંદલપરા સામે ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદી જે મકાનમાં રહેતા હતા, તે મકાન વેચી નાખ્યું હતું, જે આરોપી ડોલરે ખરીદ કર્યું હતું, અને તેમાં જોસના બેન વગેરેનો સામાન પડેલો હતો. જે સામાન કાઢવા જતાં ઉપરોક્ત તમામ આરોપીઓ ઉસકેરાઈ ગયા હતા, અને પોતાના જ ભાઈ- ભાભી- માતા- બહેન વગેરે પર હુમલો કરી દીધો હતો.

જે ઈજાગ્રસ્તોને સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ત્યાં જ્યોત્સનાબેનને માથામાં ટાંકા લેવા પડ્યા છે. આ બનાવ મામલે સીટીસી ડિવિઝનનો પોલીસ સ્ટાફ વધુ તપાસ ચલાવે છે.

# લાલપુરના વિજયપુર ગામેં વીજ આંચકો લાગતા ખેડૂતનું મોત નીપજ્યું

જામનગર : જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના વિજયપુર ગામેં એક ખેડૂતને પોતાની વાડીમાં એકાએક વિજ આંચકો લાગ્યો હોવાથી તેનું કરુણ મૃત્યુ નીપજ્યું છે.

આ બનાવની વિગત એવી છે કે લાલપુરના વિજયપુર ગામમાં રહેતા અને ખેતીકામ કરતા પોલાભાઈ મુરુભાઈ ભાદરકા નામના ૫૦ વર્ષના ખેડૂતને પોતાની વાડીમાં ટ્રાન્સફોર્મરની બાજુમાં આવેલી પાણીની મોટર ચાલુ કરવા જતાં સ્ટાર્ટરમાંથી તેને એકાએક વિજ આંચકો લાગ્યો હતો અને દાઝી જતાં તેને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ નીપજ્યું હોવાનું જાહેર કરાયું છે. આ બનાવ અંગે મૃતકના પુત્ર લખમણભાઈ પોલાભાઈ ભાદરકાએ પોલીસને જાણ કરતાં લાલપુર પોલીસે મૃતદેહનો કબ્જો સંભાળી પોસ્ટ મોર્ટમ કરાવી અને બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# કલ્યાણપુરના મેઘપર ટીટોડી ગામે અકળ કારણોસર મહિલાએ જીવન ટૂંકાવ્યું

ખંભાળિયા : દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના મેઘપર ટીટોડી ગામે રહેતી એક મહિલાએ કોઈપણ કારણોસર પોતાને ઘેર ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો છે.

કલ્યાણપુર તાલુકાના મેઘપર ટીટોડી ગામે રહેતા જાનાબેન ડાડુભાઈ છૂછર નામના ૪૫ વર્ષના મહિલાએ ગઈકાલે ગુરુવારે સવારના સમયે પોતાના રહેણાંક મકાનમાં કોઈ અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. જે અંગેની જાણ મૃતકના પતિ ડાડુભાઈ દેવશીભાઈ છૂછરએ કલ્યાણપુર પોલીસને કરી છે.

# જામનગર શહેરના બેડેશ્વરમાં સરકારી અનાજના ગોડાઉનમાં ચેકિંગ કરવા ગાંધીનગરથી ટીમ ત્રાટકી

## અચાનક સરકારી ગોડાઉનમાં ગાંધીનગરથી ચેકિંગ આવતાં દોડધામ મચી





તસવીર: સુનિલ ચુડાસમા

જામનગરમાં બેડેશ્વર વિસ્તારમાં આવેલ સરકારી અનાજના ગોડાઉનમાં ગાંધીનગરથી સચિવની ટીમ ત્રાટકી છે. છેલ્લા બે દિવસથી સરકારી અનાજના ગોડાઉનમાં ચેકિંગ ચાલી રહયું છે. સરકારી અનાજમાં ગોલમાલ થતી હોય તેને લઈ આ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હોવાનું આધારભૂત સૂત્રોમાંથી જાણવા મળી રહયું છે. હાલ ચેકિંગ ચાલુ હોય વધુ વિગત મેળવાઈ રહી છે. જો કે, એકાએક ગાંધીનગરથી સચિવની ટીમ જામનગર તપાસઅર્થે આવી પહોંચતા હાલ તો દોડધામ મચી ગઈ છે.

# ભાણવડ તાલુકાના રૂપામોરા ગામે માથાના દુખાવાથી કંટાળી તરૂણીનો આપઘાત

ખંભાળિયા : દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકાના રૂપામોરા ગામે રહેતી એક તરૂણીએ માથાના દુખાવાથી કંટાળી જઈ તેણીએ પોતાને ઘેર ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધાનો બનાવ પોલીસમાં નોંધાયો છે.

ભાણવડ તાબેના રૂપામોરા ગામે રહેતા રાજાકભાઈ રાણાભાઈ કાંટેલીયાની ૧૬ વર્ષની તરુણ પુત્રી રિયાને છેલ્લા ચાર-પાંચ માસથી માથાનો દુઃખાવો રહેતો હોય અને તેણીને તડકો લાગવાના કારણે તેમજ ઉંચા અવાજના કારણે માથામાં દુઃખાવો થતો હોવાથી આ બાબતના લીધે કંટાળી જઈને તેણીએ ગઈકાલે ગુરુવારે પોતાના ઘરે ગળાફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. જે અંગેની જાણ રાજાકભાઈ રાણાભાઈ કાંટેલીયાએ ભાણવડ પોલીસને કરી છે.

# જામનગર શહેરમાં વૃદ્ધ મહિલાનો અગ્નિ અકસ્માતમાં ભોગ લેવાયો

જામનગર : જામનગરમાં શંકર ટેકરી નહેરુ નગર વિસ્તારમાં રહેતા એક વૃદ્ધ દલિત મહિલા પોતાના ઘેર કોઈ કારણસર દાઝી ગયા હતા, અને તેઓનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજ્યું છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં શંકટ ટેકરી નહેરુનગર શેરી નંબર સી. માં રહેતા બાયાબેન જીવાભાઈ વારસૂર નામના ૭૦ વર્ષના બુઝુર્ગ મહિલા કે જેઓ ગઈકાલે પોતાના ઘેર આખા શરીરે દાજી ગયા હતા, અને તેઓને સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. તે પહેલા તેઓનું મૃત્યુ નીપજ્યું હોવાનું જાહેર કરાયું હતું.

આ બનાવ અંગે મૃતકના સંબંધી ગોપાલભાઈ રામજીભાઈ વારસુરે પોલીસને જાણ કરતાં સીટી સી. ડિવિઝન પોલીસે મૃતદેહ નો કબજો સંભાળી પોસ્ટ મોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી છે.